**Covid-19 ની અગત્યની સૂચના**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/covid-19/૨૦૨૧/૩૦૭૪

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬/૦૪/૨૦૨૧

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજય

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજય

પ્રતિ
શાસનાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજય

વિષય:- Covid-19ની સાંપ્રત પરિસ્થિતિમાં રાજયની તમામ શાળાઓના સ્ટાફ દ્વારા જનજાગૃતિ અભિયાન ચલાવવા બાબત.

સંદર્ભ:- સન્માનનીય રાજયપાલશ્રી દ્વારા તા.૨૪/૦૪/૨૦૨૧ના રોજ બાયસેગના માધ્યમથી રાજયના શિક્ષકોને આપેલ માર્ગદર્શન.

શ્રીમાન,

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનુ કે, સન્માનનીય રાજયપાલશ્રીએ માનનીય મંત્રીશ્રી શિક્ષણની ઉપસ્થિતિમાં તા.૨૪/૦૪/૨૦૨૧ ના રોજ Covid-19ની સાંપ્રત પરિસ્થિતિમાં રાજયમાં આવેલી તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને બાયસેગના માધ્યમથી, પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શનના કાર્યક્રમથી સંબોધિત કર્યા હતા. સન્માનનીય રાજયપાલશ્રી અને માનનીય મંત્રીશ્રી (શિક્ષણ) દ્વારા રાજયમાં આવેલી તમામ શાળાના શાળાપરિવારને Covid-19 ની સાંપ્રત પરિસ્થિતિમાં સમાજને મદદરૂપ થવા માર્ગદર્શન આપેલ છે. મહામારીના આ વિકટ સમયમાં, રાજયના લોકોને વિદ્યાર્થીઓ અને વાલીઓ મારફતે કોરોના સંક્રમણ અટકાવવા માટેની સાચી સમજ મળે અને ઉપચારાત્મક કામગીરી કરે, સરકાર દ્વારા જાહેર કરેલ માર્ગદર્શક સૂચનાઓનો ચુસ્તપણે અમલ કુટુંબથી શરૂ કરીને શાળામાં અભ્યાસ કરતા અને અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ તેમજ તેઓના વાલીઓ મારફતે કરે તો, લોકશિક્ષણનું મોટુ કામ થઈ શકે. સરકારશ્રી દ્વારા આ બાબતે લેવામાં આવેલા વિવિધ પગલાંઓની માહિતી આપવામાં આવે તો તેની સકારાત્મક અસર સમાજના લોકો પર પડે તે જોવા સન્માનનીય રાજયપાલશ્રી અને માનનીય મંત્રીશ્રી શિક્ષણએ જણાવેલ હતું. તેના અનુસંધાને નીચે મુજબના પગલાં તમામ શાળા પરિવાર દ્વારા લેવાય તે જોવા વિનંતી કરવામાં આવે છે.

શાળા પરિવારે હાથ ધરવા જેવા પગલાં :-

(૧) હાલની પરિસ્થિતિમાં છેલ્લા એક વર્ષથી **Frontline Warriors** તરીકે કાર્યરત ડૉક્ટર્સ, પેરામેડીકલ સ્ટાફ, પોલીસ વિભાગ, સફાઇ કામદારો, ૧૦૮, ધનવંતરી રથ અને અન્ય એમ્બ્યુલન્સ સ્ટાફ તેમજ અન્ય **Frontline Warriors** કે જેઓ રાત દિવસ તેઓના પરિવારની ચિંતા કર્યા વગર સમાજ માટે યોગદાન આપી રહ્યા છે. તેવા **Frontline Warriors** ના પરિવારોને માનસિક હૂંફ આપીએ તેમજ તેઓની જરૂરિયાત બાબતે યોગ્ય મદદ કરીએ.

(૨) ટેલિફોન અને વેબીનારના માધ્યમથી વિદ્યાર્થીઓ દ્વારા લોકશિક્ષણ.

1. કુટુંબના સભ્યોને તેમજ સમાજના / ગામના લોકોને કામ વગર ઘરની બહાર ન નીકળવા સમજણ આપીએ.
2. કુટુંબના સભ્યોને તેમજ સમાજના / ગામના લોકોને માસ્ક વગર ઘરની બહાર ન નીકળવા સમજણ આપીએ.
3. કુટુંબના સભ્યોને તેમજ સમાજના / ગામના લોકોને અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળવાનું થાય તો સમાજીક અંતર રાખવાની કાળજી લેવા સમજાવીએ.
4. કુટુંબના સભ્યોને તેમજ સમાજના / ગામના લોકોને સાબુથી હાથ વારંવાર ધોવા સમજાવીએ.
5. અતિ અનિવાર્ય હોય તે સિવાયના સામાજિક પ્રસંગો મોકૂફ રાખવા સમજાવીએ તેમજ જો પ્રસંગ યોજવાનો થાય તો **COVID-19** ની ગાઈડલાઈનનું પાલન કરીને યોજીએ તેવી સમજ આપીએ.
6. ઉપરોક્ત સૂચનોનો વિદ્યાર્થી પોતે અમલ કરે અને તેમના પરિવારના દરેક સભ્યો મારફતે અમલ કરાવે તે માટે પ્રેરણા આપવી.
7. વિદ્યાર્થી અને / અથવા વાલીઓના ઉપલબ્ધ મોબાઇલ નંબર ઉપર વૉટસએપ કે વેબીનારના માધ્યમથી પરામર્શ કરીને Covid-19 ની ગાઇડલાઇનનો અમલ સૌ કરે તેની સમજણ આપવી. ઉપરોકત પ્રક્રિયા નિયમિત અને સમયાંતરે કરતા રહેવી. શાળામાં હાલ ભણતા તથા ભણી ગયેલ વિદ્યાર્થીઓનો સંપર્ક કરીને આ પ્રક્રિયા સફળ, સરળ બનાવવા પ્રયત્ન કરીએ.

(3) શાળા પરિવારના સભ્યો દ્વારા ફરજના સ્થળ અને રહેઠાણના સ્થળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને તેના સભ્યો સાથે સંકલન કરી Covid-19 ની ગાઇડલાઇનનું પાલન દરેક ગામમાં યોગ્ય રીતે થાય તેવું લોકશિક્ષણ આપવાની કામગીરી કરવી.

(૪) હાલ ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને રાજય સરકાર તરફથી મફત રસી આપવામાં આવે છે. તેનો લાભ લેવા સમજાવીએ, તે માટેના સ્થળોથી માહિતગાર કરીએ.

(૫) સરકારશ્રી તા.૦૧/૦૫/૨૦૨૧ ગુજરાત સ્થાપના દિનથી ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના તમામને કોઈપણ ખર્ચ વગર કોરોના સામે રક્ષણ મળી રહે તેવી વેકસીન આપવાની ઝુંબેશ શરૂ કરનાર છે, ત્યારે યોગ્ય લાભાર્થીઓ દ્વારા તેનો લાભ લેવાય અને કોઈ લાયક વ્યક્તિ વેકસીન લેવાથી વંચિત ન રહે તે જોવા સબંધિત તમામને જાણ કરવા અને મોટીવેટ કરવા વિનંતી છે.

(૬) દરેક પ્રાથમિક શાળા પોતાની શાળાના એસ.એમ.સી. કમિટીના સભ્યો સુધી આ વાત પહોંચાડે. તેમના ગામમાં તેઓ આ અંગે પ્રચારકાર્યમાં જોડાય તે માટે પ્રયત્ન કરે.

(૭) આખો પરિવાર હોમ કવોરન્ટાઇન હોય, સ્થાનિક દવાખાનામાં એડમીટ દર્દીઓ અને ગામ કે શહેરમાં કોઇ દર્દીને ભોજન વગેરેની આવશ્યકતા હોય તો દાતાઓ/એન.જી.ઓ.નો સંપર્ક કરી જરૂરી વ્યવસ્થા માટે સંકલન કરીએ.

(૮) રાજય, જિલ્લા કે તાલુકાના સંગઠનના હોદ્દેદારો સાથે આ અંગે વેબીનાર મારફતે સંપર્ક કરી તેઓને આ અભિયાનનું નેતૃત્વ લેવા વિનંતી કરીએ. આ ઉપરાંત સદર મહામારીની પરિસ્થિતિમાં સ્થાનીક કક્ષાએ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, કલેકટરશ્રી, પી.એચ.સી., સી.એચ.સી., ટી.ડી.ઓ., મામલતદારના સંપર્કમાં રહી જયાં જરૂર જણાય ત્યાં શિક્ષક મિત્રો સેવાના ભાગરૂપે મદદરૂપ થાય તેવી વ્યવસ્થા ગોઠવી શકાય.

(૯) COVID-19 ની પરિસ્થિતિમાં સમગ્ર સૂચનાઓ અને મોનીટરીંગ પ્રક્રિયા ટેલિફોન મારફતે, વિડીયો કોન્ફરન્સ મારફતે સમગ્ર શિક્ષક મિત્રો સુધી પહોંચે અને તેઓ ધ્વારા સમાજ સુધી સંક્રમણ અટકાવવા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તો આપણે કોરોના મહામારીને કાબૂમાં લાવવા જરૂરી સહયોગ આપેલ ગણાશે.

(૧૦) ઉપર દર્શાવેલ તેમજ તે સિવાય કોરોના સંક્રમણને અટકાવવા લોકજાગૃત્તિ લાવવા યોગ્ય લાગે તેવા પગલાં લેવા અપીલ કરવામાં આવે છે. સંકટની ઘડીમાં એક શિક્ષક તરીકે સમાજને પથદર્શક કરવામાં અગ્રસર રહીએ તેવી સૌ મિત્રો પાસેથી અપેક્ષા છે. આપ સર્વેનું સ્વાસ્થ્ય સારૂ રહે તેવી શુભકામના.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

(ડૉ. એમ. આઈ. જોષી)
નિયામક, પ્રાથમિક શિક્ષણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

(૧) સન્માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(3) માન. શિક્ષણમંત્રીશ્રીના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૪) માન. રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૫) માન. અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં:-૫, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૬) માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, બ્લોક નં:-૫, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ, ગુજરાત રાજય.

(૮) કલેકટરશ્રી, તમામ, ગુજરાત રાજય.

(૯) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, જુના સચિવાલય, ગાંધીનગર.